# મિગ-21 ખલ્લાસ થવાં આવ્યા તો જેગુઆર તૂટવાં માંડ્યા



## સારાંશ

★વિન્સી મરચન્ટ

આપણા દેશના રાહબરો, પછી તે કોઈ પણ પક્ષના હોય, તેઓની ખાસિયત રહી છે કે કોઈ પણ વ્યવસ્થા, સાધનો, બ્રીજ, ઈમારતો જેવાં માળખાંઓ માણસોના જીવ લેવા માંડે પછી તેને બંધ કરવા અને તપાસ સમિતિઓ નીમવી. મોટા ભાગે સાચાં કારણો બહાર ન આવવા દેવા એ જ તપાસ સમિતિનું કે પંચનું કામ હોય છે. અકસ્માતો, દુર્ઘટનાઓ અને આનુષાંગિક તપાસોની એટલી મોટી સંખ્યા બની જાય છે કે લોકો યાદ કરવા મથે તો પણ યાદ રહેતી નથી, સિવાય કે જેમણે સગાં-વહાલાં ગુમાવ્યા હોય છે. અન્ય ક્ષેત્રોમાં આ બેપરવાઈ ચાલી જાય પણ દેશના સંરક્ષણ ક્ષેત્રમાં ન ચાલે. હવાઈ દળનાં વિમાનોની દુર્ઘટનાઓ ઘટે તે અગાઉ જ સાવચેતીનાં પગલાં લેવા પડે. અને નવા વિમાનો વસાવવાનો કે ખરીદવાનો નિર્ણય પણ વરસો અગાઉ લેવો પડે.

વિમાનો તૂટતાં થાય અને બત્રીસ લક્ષણાં પાઈલટો, યુવાન સપૂતો અને સપુત્રીઓનાં સંખ્યાબંધ મરણ નીપજે ત્યારે પણ ઊંઘતા રહેવાની કોંગ્રેસની આદતે દેશને મોટું નુકસાન પહોંચાડ્યું છે. જો વિમાનો સલામત અને પોતાનો જીવ પણ સલામત છે એવી ગળા સુધી ધરપત ન હોય તો પાઈલટો તાલીમ પણ ઉચાટ જીવ સાથે લેશે. ખખડધજ વિમાનો ઓપરેશનમાં સાથ નહીં આપે અને નહીં આપવાનું પરિણામ આપણે જોયું. પાકિસ્તાન સાથેની ચકમકમાં કેપ્ટન અભિનંદનનું વિમાન તૂટી પડ્યું. તૂટી પડ્યું અને અભિનંદનની બહાદૂરીની વિગતો સામે આવી ત્યારે આપણને સમજાયું કે અભિનંદન જેવા નરબાંકાઓ દેશની એક અણમોલ જણસ હોય છે અને જ્યારે આઉટડેટેક જરીપુરાણાં થઈ ગયેલા વિમાનોમાં યુદ્ધ લડતી વેળાએ નહીં પરંતુ તાલીમ લેતી સમયે વિમાનો સાથે પાઈલટો શહીદ થાય છે એ બધા જ અભિનંદનની માફક અણમોલ રત્નો હોય છે. દુર્ઘટના બાદ માત્ર વિમાન તૂટી પડવાના અને પાઈલટ શહીદ થવાના સમાચારો આવે છે પણ એ પાઈલટ દેશના અણમોલ રત્નો હતાં તે વિચાર ન તો દેશની પ્રજાને આવે છે અને ન તો સત્તાધીશોને આવે છે. આગળનાં શાસનમાં તો પ્રજા પોકરવા માંડી હતી કે મીગ વિમાનો ઊડતા રાખીને કેટલા નવલોહિયાઓનો સરકાર ભોગ લેશે પણ સરકારનાં મોં પરથી માખી ઊડતી ન હતી. હા, તેઓએ નેતાઓની VIP અવર-જવર માટે ઍગુસ્તા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર ખરીદવાનો ઓર્ડર આપી દીધો હતો. બોફર્સ કાંડ બાદ ઢીટ બની ગયેલી સરકારે આ સોદામાં કટકી લીધી હતી એ આરોપ બાદ એ સોદો કરવામાં આવ્યો હતો. નરેન્દ્ર મોદીએ આવીને ખાડે ગયેલા હવાઈદળને અદ્યતન બનાવવા કમર કસી અને ફ્રાન્સની દાસોલ્ટ કંપનીના રાફેલ ખરીદ્યાં ત્યારે પણ રાહુલ ગાંધીએ હવનમાં હાડકાં નાખવાના ભરચક પ્રયાસો કર્યા હતા. તેમનાં માટે દેશનાં સંરક્ષણ દળો કરતાં સ્વાર્થસિદ્ધિ વધુ મહત્ત્વના છે, એટલે ઓપરેશન સિંદૂર બાદ પણ રાહુલ સાથીઓ એ રફાલ વિમાનો બાબતમાં દેશના રહસ્યો ખુલ્લા પાડવાની માગણી સાથે કરી હતી.

ખૈર! મોદી સરકારે સંરક્ષણ બાબતોમાં ઘણી સંવેદનશીલ બની છે. ઘર આંગણે નાનાથી મોટાં શસ્ત્ર સરંજામમાં દેશ આગળ વધી રહ્યો છે. એક લાખ કરોડથી વધુ રકમનાં શસ્ત્રોની ખરીદીના વિદેશોમાંથી ઓર્ડર મળ્યા છે. કોંગ્રેસ શાસનમાં કેગએ સરકારને તાકિદ કરવી પડી હતી કે પાકિસ્તાન સાથે યુદ્ધ થાય તો માત્ર દસ દિવસ ચાલે એટલો સરંજામ દેશ પાસે છે. 1970 બાદ રશિયન-મિગ વિમાનો ક્રેશ થવાને 170 ભારતીય હવાઈ દળના પાયલટો (રિપિટઃ 170) અને 40 નાગરિકો શહીદ થયા હતા.

ભારતના મિગ વિમાનો જ પાકિસ્તાનને બદલે ભારતના મોટા શત્રુઓ સાબિત થયાં. ભારતને 840 મિગ વિમાનો રશિયાએ વેચ્યાં હતાં. તેમાનાં 425થી વધુ તો તાલીમ દરમિયાન ક્રેશ થઈ ગયા. આમ થવા પાછળનું મોટું કારણ નેતાઓને રશિયા તરફથી મળતું મોટુ કમિશન જવાબદાર હતું. સોવિયેત રશિયામાંથી છટકીને ઈંગ્લેન્ડ જતાં રહેલા રશિયન જાસૂસ વાસિલી મિત્રોખીને રશિયાની રમોતોનો ઉલ્લેખ પોતાનાં પુસ્તકોમાં કર્યો છે.

સમયસર વિમાનોનો કાફલો અદ્યતન ના બનાવવો તેના બીજા નવાં દુષ્પરિણામો હવે બહાર આવી રહ્યા છે. આ વરસમાં ભારતીય વાયુ દળના વિમાનો ક્રેશ થવાની પાંચ દુર્ઘટનાઓ ઘટી છે, તેમાંના ત્રણ UK અને ફ્રાન્સ દ્વારા સંયુક્તપણે બનાવેલાં જેગુઆર વિમાનો હતાં. જો આ સિલસિલો ચાલુ રહ્યો તો જે રીતે મિગ-21 ઊડતાં કફન તરીકે ઓળખાતા થયા હતા. તે નામ કદાચ જેગુઆરને મળી શકે. આ દુર્ઘટનાઓ માટે વિમાન નિર્માતા કંપનીઓ પણ જવાબદાર નથી. કારણ કે ફ્રેન્ચ વાયુદળે 2005માં અને બ્રિટિશ વાયુદળે 2007થી તેને નિવૃત્ત કરા દીધા છે.

કરી દીધાં છે. વિમાનો ભારતમાં છેલ્લાં 46 વરસથી વાયુ સેના માટે ઊડી રહ્યાં છે અને હવે જરીપુરાણા થઈ ગયાં છે. દરેક વિમાનોમાં અમુક ખામીઓ અને ખૂબીઓ હોય છે. અગાઉનાં વરસોમાં પૂરતો બંદોબસ્ત થયો નહીં તેથી ભારતે એ એક્સપાયરી ડેટ વટાવી ચૂકેલાં વિમાનો તેની અમુક ખામીઓ માટે તેમ જ સ્કોવોડ્નોમાં અમુક જરૂરી સંખ્યાઓ જાળવી રાખવા માટે તેનો ઉપયોગ કરવો પડે છે. પણ એ મજબૂરીમાંથી ભારત જેટલું વહેલું બહાર આવે એટલું સારું છે. સુખોઈ અને મિરાજ વિમાનો પણ ક્રેશ થાય છે, પણ જેગુઆર હવે જવાબ માગી રહ્યાં છે. 7 માર્ચના રોજ હરિયાણાના પંચકુલા નજીક જેગુઆર ફાઈટર તૂટી પડ્યું, તેમાં પાઈલોટ સદ્નસીબે બચી ગયા. બરાબર એ જ દિવસે બાગડોગરા નજીકના એક એરફીલ્ડ પર L-32 નામનું હવાઈદળનું વિમાન લેન્ડિંગ દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત થયું. સદનસીબે આ અકસ્માતમાં પણ કોઈને ઈજા પહોંચી નહીં. 6 ફેબ્રુઆરીના રોજ મધ્ય પ્રદેશના શિવપુરી નજીક મિરાજ વિમાન તૂટી પડ્યું અને ઈશ્વર કૃપાથી બન્ને પાઈલટો બચી ગયા. 2 એપ્રિલના રોજ સૌરાષ્ટ્રના જામનગર નજીક જેગુઆર ફાઈટર તૂટી પડ્યું. તેમાં કમનસીબે એક પાઈલટ શહીદ થયાં અને સદનસીબે બીજા પાઈલટ બચી ગયા. કોઈ પણ ફાઈટર પ્લેન દુર્ઘટનામાં ખુરશી તિવ્રગતિએ ઈજેક્ટ થવાથી ઘણી વખત પાઈલટને અતિ પ્રચંડ ધક્કો લાગે છે અને એને કરોડરજ્જૂ પર હાનિ પહોંચી શકે છે. 9 જુલાઈના રોજ જેગુઆર વિમાન રાજસ્થાનના ચુરુ નજીક તૂટી પડ્યું અને બન્ને પાઈલોટ શહીદ થઈ ગયા. છેલ્લાં 46 વરસમાં ભારતમાં જેગુઆરની લગભગ પચાસ જેટલી દુર્ઘટનાઓ સર્જાઈ છે અને ઘણી વખત તેનાં એન્જીન પણ કામ કરતાં બંધ થઈ જાય છે. ગયા માર્ચ મહિના બાદ જેગુઆરની દુર્ઘટનાનો આ ત્રીજો બનાવ છે.

જેગુઆર વિમાનો 1976માં ભારતીય વાયુદળમાં સામેલ કરાયાં હતા. તે UK, ફ્રાન્સ, ઓમાન અને નાઈજિરિયાના હવાઈ બેડાઓમાં સામેલ કરાયાં હતાં અને એ તમામે તેને રૂખસદ આપી દીધી તેને વરસો થઈ ગયાં. લોકો સવાલ પૂછી રહ્યા છે કે ભારતીય વાયુ દળમાં તેને શા માટે કાર્યરત રખાયાં છે?

બે એન્જીનો હોવાથી હવામાં ઊડવાની એની ક્ષમતા વધુ છે. ઊડવા કે ઊતરવા માટે ઘણા ટુંકા રનવેની જરૂર પડે છે. ભારતીય વાયુ દળ પાસે હાલમાં 120 જેગુઆર છે. 2019માં પાકિસ્તાનના બાલાકોટ ત્રાસવાદ કેમ્પ પર તાબડતોબ સટિક હૂમલો કરવામાં જેગુઆરની પણ અગત્યની ભૂમિકા રહી હતી. એ વખતે જેગુઆરનો ઉપયોગ પાકિસ્તાન પાસેના અમેરિકી બનાવટના F-16 વિમાનોનું ધ્યાન ભટકાવવા માટે કરાયો હતો અને મિરાજ વિમાન દ્વારા પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશીને બાકીની કાગીરી કરવામાં આવી હતી. વરસ 2010માં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા DRDOની મદદથી જેગુઆરમાં આવશ્યક અને મહત્વના ફેરફારો કરાયા હતા.

વિમાન દુર્ઘટનાઓનું પ્રમાણ ઘટાડવા દેશનું સંરક્ષણ મંત્રાલય ઘણા વરસોથી પ્રયત્નરત છે. વરસ 2000થી 2005 સુધીના સમયકાળમાં પ્રત્યેક 10,000 કલાકના ઊડાણ સમયમાં અકસ્માતનું પ્રમાણ 0.93 (જીરો પોઈન્ટ નાઈનટીથ્રી) હતું. 2017માં વર્તમાન સરકારે ખાસ કાળજી લીધી તો તે પ્રમાણ 2022માં ઘટીને 0.22નું અને 2024માં 0.20નું થયું હતું. ટુંકમાં દુઘર્ટનાઓમાં ઘણો ઘટાડો થયો. પણ હવે જેગુઆર કહી રહ્યાં છે કે અમને નિવૃત કરો.

ઘર આંગણે ભારત તેજસ બનાવે છે અને સાથે વિકસાવે પણ છે. પરંતુ અમેરિકાની જનરલ ઈલેટ્રીક કંપનીએ કરાર મૂજબની અવધિમાં એન્જીનો પૂરાં પાડ્યાં નથી. રાફેલ સાથે વધુ વિમાનો ખરીદવાનો સોદો થયો છે. હાલમાં જેગુઆરને નિવૃત્ત કરાય તો આપણા વાયુ દળની કુલ ક્ષમતા ઘટી શકે છે. હાલમાં ભારત પાસે મિગ- 29M, સુખોઈ-30, મિરાજ-2000, રાફેલ, મિગ-21MS અને જેગુઆર મળીને છ પ્રકારનાં વિમાનો છે. ભારતીય હવાઈ દળને સજ્જ અને અદ્યતન રાખવા માટે દર વરસે તેમાં 40 જેટલાં નવા ફાઈટર વિમાનો જોડવા જોઈએ ધારવામાં આવે છે કે નવા વિમાનોની પૂર્તિ થયા બાદ 2027-28માં જેગુઆરને નિવૃત્ત કરવામાં આવશે.

**જેગુઆર વિમાનો 1976માં ભારતીય વાયુદળમાં સામેલ કરાયાં હતા. તે UK, ફ્રાન્સ, ઓમાન અને નાઈજિરિયાના હવાઈ બેડાઓમાં સામેલ કરાયાં હતાં અને એ તમામે તેને રૂખસદ આપી દીધી. લોકો સવાલ પૂછી રહ્યા છે કે ભારતીય વાયુ દળમાં તે શા માટે કાર્યરત રખાયાં છે?**

